# જંગલમાં આગ

– રમણલાલ સોની

એક હતું જંગલ. એમાં વાઘ, હાથી, વરુ, શિયાળ, વાંદરા વગેરે પશુઓ રહેતાં હતાં.

જંગલમાં ઘણાં ઝાડ હતાં. એ ઝાડ પર નાનાં–મોટાં ઘણાં પંખીઓનાં ઘર હતાં.

બધાં જંગલમાં ફરે. ખાય–પીએ ને મજા કરે.

અચાનક એક દિવસ જંગલમાં આગ લાગી. એક મોટા ઝાડની બે મોટી ડાળીઓ વચ્ચે કજિયો થયો. બેઉ એવી બાઝી કે એમાંથી તણખો ખર્યો ને આગ લાગી.

વૃક્ષો ભડભડ બળવા લાગ્યાં. પંખીઓ ચીસાચીસ કરવા લાગ્યાં. જાનવરોયે ભાગ્યાં. ચારે તરફ 'ભાગો ! ભાગો !' થઈ રહ્યું.

બધાંને આમથી તેમ ભાગતાં જોઈ કપિ નામનો વાંદરો કહે, 'અરે દોસ્તો, તમે આમ ભાગી ભાગીને ક્યાં જશો ? બે પગાળા કાળા માથાવાળાને ઘેર જઈને રહેશો ? એ કંઈ તમારો વાલેશરી નથી, એનાં ગુલામ થઈને એના ચાબખા ખાવા હોય તો જાઓ !'

તરત બધા વાનરો થંભી ગયા. કહે, 'અમને તો એ કાળા માથાવાળો દીઠોય ગમતો નથી.'

હાથી કહે, 'આપણે માટે તો આ જંગલ છે તે ખરું છે. પણ કરીએ શું ? અહીં રહીએ છીએ તો આગ ભરખી જાય છે ! જો ને, એની જીભ કેવી લબકારા મારે છે ! અને એને કંઈ એક જીભ છે ?'

કપિએ કહ્યું, 'એ ખરું, પણ દુશ્મનથી બીને ભગાય નહિ, એની સામે લડવું જ જોઈએ.'

રીંછે કહ્યું, 'મને લડવું ગમે છે, પણ આગની સામે કેવી રીતે લડવું? લડવા જાઉં તો એ મને રોકીને ખાઈ જાય !'

હાથીએ પણ આવું કહ્યું.

કપિએ કહ્યું, 'મને એનો ઉપાય સૂઝે છે. દુશ્મન આખું જંગલ બાળીને સાફ કરી નાખે એ પહેલાં કોઈ રીતે એને અટકાવવો જ જોઈએ. હાથીભાઈ, તમે જો આમાં આગળ થાઓ તો આપણે જરૂર જીતી એ.'

હાથીએ કહ્યું, 'હું તૈયાર છું.'

રીંછે કહ્યું, 'હું તૈયાર છું.'

પછી તો બધાં જાનવરોએ કહ્યું, 'અમે તૈયાર છીએ.'

કપિએ કહ્યું, 'આગ જીભના લબકારા લેતી આગળ વધે છે. ઝાડ બધાં ગીચોગીચ છે. એટલે એને હોઈયાં  કરવું ફાવે છે. આપણે જો વચમાંથી ક્યાંક ઝાડ પાડી નાખી ત્યાં ખાલી મેદાન કરી દઈએ અને ત્યાં મોટા મોટા પથરાની પાઈ કરી દઈએ તોયે આયળ વધી શકશે નહિ. બસ, પછી દુશ્મનને ખાવાનું નહિ મળે એટલે એ ઢીલોસ થઈ જશે અને એની મેળાએ મરશે.'

આ સાંભળી હાથી બોલ્યો, 'વાહ, આ મને ગમ્યું ! સાવ સહેલું કામ છે. મારું આખું કુટુંબ અને મારાં બધાં સગાં–વહાલાં હમણાં જ કામે લાગી જઈએ છીએ. વૃક્ષોને ઉખાડી ઉખાડી દૂર ફેંકી દઈ ચારે કોર મેદાન બનાવી દઈશું.'

રીંછને પણ જોર ચડ્યું. એ કહે, 'અમે એ મેદાનમાં પથરા ખડકી દેશું. કપિભાઈ તમે અમને બરાબર કામ દેખાડતા રહેજો.'



જંગલમાં બધાં જ જાનવરો એકસાથે કામે લાગી ગયાં. હાથીઓ ઝાડના થડ ફરતી સૂંઢ ભેરવી ઝાડને પાડે અને દંતશૂળ પર ચડાવી એને દૂર ફેંકી આવે. ખાલી પડેલી જગાએ બીજાં જાનવરો પથરા ગોઠવી દે.

બીજી બાજુ આગ જોરમાં ચાલતી હતી. કેટલાંય ઝાડ બળીને ભસ્મ થઈ ગયાં. આગ ખાઉં–ખાઉં કરતી આગળ વધતી હતી, પણ એકાએક એ ભડકીને ઊભી રહી ગઈ. ભૂખ તો ઘણી હતી, આખા જંગલને ખાઈ જાય તોયે શમે નહિ એવી ભૂખ હતી, પણ ખાવું શું ? આગને ખાવા જોઈએ ઝાડ–પાન ને જાનવર, પણ એને બદલે અહીં તો ધૂળ ઢેખાળા ને પથરા હતા ! એ કેવી રીતે ખવાય ? આગ ધૂંધવાઈને ઊભી રહી ગઈ અને એમ ઊભી ને ઊભી એ ભૂખે મરી ગઈ !

જંગલનાં જાનવરો અને પંખીઓમાં આનંદ આનંદ થઈ રહ્યો. કેટલાંક ઝાડ બળી ગયાં અને એની સાથે કેટલાંકનાં ઘર બળી ગયાં. પણ જંગલ તો બચ્યું ને ! થોડું બળ્યું એનો શોક કરવાને બદલે ઘણું બચ્યું તેનો આનંદ શા સારું ન કરવો ?

દુશ્મનનો નાશ થયા પછી વનનાં પશુપંખીઓની મોટી સભા થઈ. સભાએ કપિને ખૂબ ધન્યવાદ આપ્યા અને હાથી પર એનો વરઘોડો કાઢયો.

■